જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૦/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૯૧૯/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૨૦/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૨૧૧ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૨૧/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યકિતઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૯૨૨/૨૦૨૨

**સાબરમતીઃ** ગીરીશભાઇ અંબાલાલ વાઘેલા (ઉ.વ.૪૦) (રહે. પાર્વતીનગર ઇન્ડસ હોસ્પીટલ પાસે સાબરમતી) એ તા.૨૪/૧૦/૨૦૨૨ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગીરીશભાઇ વાઘેલા તા.૨૦/૧૦/૨૦૨૨ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે સાબરમતી કન્યા શાળા બેંક ઓફ ઇન્ડીયા એટીએમ ખાતે ગયા હતા ત્યારે અજાણ્યા એક પુરૂષે ગીરીશભાઈ વાઘેલાને વિશ્વાસમાં લઇ એટીએમ પીન નંબર જાણી લઈ ગીરીશભાઈની નજર ચુકવી ગીરીશભાઈનુ એ.ટી.એમ.કાર્ડ ચોરી કરી લઇ ગીરીશભાઈના ખાતામાંથી એટીએમ દ્વારા રૂપિયા ૫૦,૮૪૦/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.પટેલ ચલાવે છે.

**શહેરકોટડાઃ** ઝફીર અયુબખાન દલાલ (ઉ.વ.૩૨) (રહે. દલાલ મેન્સન શેખ જબદ્દીની પોળ કડીયા કુઇ ચાર રસ્તા રીલીફ રોડ) એ તા.૨૪/૧૦/૨૦૨૨ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી સાદાબ અબ્દુલ રહેમાન કાઝી (રહે. લિંમડી વાસ રાધનપુર જિ.પાટણ) તા.૨૮/૧૦/૨૦૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન અમદૃપુરા કાલુપુર બ્રીજ સુમેલ બિઝનેશ પાર્ક-૪ દુકાન.નંબર-બી-૨૦૨ ખાતે ઝફીર દલાલ તેમજ ઝફીર દલાલના મોટા ભાઇ નદીમભાઇને વિશ્વાસમાં લઇ જીન્સ પેન્ટ ખરીદી કરી બાકી નિકળતા રૂપિયા ૧૮,૮૬,૮૯૯/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કમલેશભાઇ મોહનભાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૩/૨૦૨૨**

**સેટેલાઈટઃ** અમિત કિરીટકુમાર મહેતા (રહે.પંચદેવ એપાર્ટમેન્ટ પંચદેવ મંદિર પાછળ નહેરૂનગર ચાર રસ્તા પાસે આંબાવાડી) એ તા.૨૪/૧૦/૨૦૨૨ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૨ સાંજના ૭/૦૦ થી તા.૨૪/૧૦/૨૦૨૨ કલાક ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઈટ માણેકબાગ હોલની પાછળ માણેકબાગ સોસાયટી ખાતે આવેલ બીજા ઘર નંબર-૨૭૨ (ક્રિષ્ના બંગ્લો) ના પોતાના મકાનનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૩૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**નિકોલઃ** વિરમભાઇ મનુભાઇ રૂપાપરા (રહે.ગણેશ ઓપેરા સરગમ વાટીકા રેસીડેન્સી સામે નીકોલ) એ તા.૨૪/૧૦/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૦/૨૦૨૨ કલાક ૨/૩૦ થી કલાક ૪/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ ગ્રાન્ડ પુષ્કર સાઇટના “સી” બ્લોક ફસ્ટ ફલોર ખાતે આવેલ રૂમમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ફીનોલેકસ કંપનીના અલગ-અલગ કોપર વાયર કિમત રૂપિયા ૭,૬૯,૦૮૭/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.ડી.જાટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૪/૨૦૨૨**

**રિવરફ્રંટ વેસ્ટઃ** સુરેશ રામજીભાઈ ભાંખોડીયા (ઉ.વ.૨૯) (રહે.સુખીપુરાના છાપરા ન્યુ શારદા મંદિર રોડ પાલડી) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૦/૨૦૨૨ બપોરના ૧/૪૫ વાગ્યા પહેલા એન.આઈ.ડી.પાછળ સ્કાયલાઈન પાસે સીડી. નંબર-૪૭ પાસે વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાજેશકુમાર દુરબિનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી